# મિલ્ક ઈકોનોમીના ક્ષેત્રમાં ગુજરાતની શ્રેષ્ઠ કામગીરી

## ગુજરાતને અનુસરવા અપીલ : ગડકરી

અમદાવાદ, તા.૧૨

કેન્દ્રના માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ગુજરાતે કૃષિ ક્ષેત્રે સર્જેલી ક્રાંતિનો ઉલ્લેખ કરી, એરપોર્ટ પર એગ્રો એક્ષ્પોર્ટ વ્યવસ્થા, મિલ્ક ઈકોનોમી વગેરે માટે ગુજરાતને અનુસરવા અનુરોધ કર્યો હતો. તેમણે ખેડુતોને એગ્રો વિઝનમાં આધુનિક ખેતીની પ્રગતિ સાધી, સુખી સંપન્ન બનવા અપીલ કરી હતી. કેન્દ્રના લઘુઉદ્યોગ રાજયમંત્રી ગિરિરાજસિંહે મુખ્ય બે પડકાર પાણી અને જનસંખ્યાનો ઉલ્લેખ કરીને, સસ્ટેનેબલ મોડેલનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

આ અવસરે મહારાષ્ટ્રના સામાજિક ન્યાય વિભાગના રાજયમંત્રી રાજકુમાર બડોલે, આર.સી. ફળદુ, સી.ડી. માયી, ચેરમેન એડવાઈઝરી કાઉન્સિલ એગ્રોવિઝન, બિજયકુમાર અગ્રસચિવ ખેતી (મહારાષ્ટ્ર), અમુલના મેનેજિંગ ડિરેક્ટર આર.એસ. સોઢી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં ગડકરી અને ગિરિરાજસિંહે ગુજરાતની કૃષિ ક્રાંતિની પ્રશંસા કરીને અન્ય રાજ્યોને આ દિશામાં આગળ વધવા અપીલ કરી હતી.



ટ્રીપ્લેટ બેબી.....શહેરમાં શુક્રવારે સવારે સે-૧૬ સ્થિત ઈલા મેટરનીટી હોમમાં એક મહીલાએ ત્રણ બેબીને જન્મ આપ્યો હતો. એક દિકરો અને બે દિકરીના જન્મથી માતા તેમજ તેમના પરિવારજનોમાં પણ અનહદ હર્ષની લાગણી વ્યાપી હતી. દહેગામ તાલુકાના નાના જલુંદ્રા ગામના રહેવાસી અંકિત બાબુભાઈ ચૌધરી ખેતી કામ કરે છે. તેમના પત્ની સોનલબેને ટ્રીપ્લેટ બેબીને જન્મ આપતા પરિવારજનોએ ત્રણેય બાળકો તેમજ માતાની તબિયત સારી હોવાનુ જણાંવી ડો પ્રકાશ જોષીએ આપેલી સારવારને પણ બિરદાવી હતી. મેટરનીટી હોસ્પિટલમાં ભાગ્યેજ આવા કિસ્સા જોવા મળતા હોવાથી હોસ્પિટલ સ્ટાફ પણ માતા અને બાળકોની વિશેષ કાળજી લઈ રહયા છે.

# મગફળીની રેકોર્ડ બ્રેક આવક બાદ આયાતમાં ભારે ઘટાડો

## ખાદ્ય તેલની કિંમતમાં પણ જંગી ઘટાડો થયો છે : ખાદ્યતેલ પાછળ આયાતમાં ૧૦ અબજ ડોલરથી વધારે ખર્ચ થાય છે : આવક વધતા સીંગતેલના ભાવમાં કડાકો

અમદાવાદ, તા.૧૨

ગુજરાત સહિત દેશભરમાં આ વખતે સાનુકુળ સંજોગોના લીધે મગફળીની જંગી આવક થઈ છે. મગફળીની જંગી આવકના પરિણામ સ્વરૂપે કિંમતો ઉપર સીધી અસર થઈ છે. સાથે સાથે આયાત ઉપર અસર થઈ છે. ખાદ્યતેલની આયાત છેલ્લા કેટલાક વર્ષમાં સૌથી વધારે ઘટી ગઈ છે. જે ખૂબ સારા સંકેત તરીકે છે. આવનાર દિવસોમાં તેનો ફાયદો વધુ મળી શકે છે. ચાલુ સિઝનમાં સૌરાષ્ટ્ર સહિત દેશભરના મગફળીનો પાક લેતાં રાજ્યોમાં મગફળીની બમ્પર આવક થયેલી જોવા મળી છે. સ્થાનિક બજારમાં પણ મગફળીની બમ્પર આવકના પગલે આદ્યતેલના ભાવ એક મહિનામાં જ ડબે ૩૦૦થી વધુનો ઘટાડો નોંધાઈ ચુક્યો છે. ખાદ્યતેલની બાબતમાં વિશ્વભરના દેશોમાં ભારત સૌથી મોટો આયાત કરતો દેશ છે. ખાદ્યતેલો પાછળ એક અંદાજ મુજબ ૧૦ અબજ ડોલરથી પણ વધુ ખર્ચ થાય છે, પરંતુ ચાલુ વર્ષે મગફળીના પાકની બમ્પર આવક થઈ છે. જેના પગલે સિંગતેલના ભાવમાં કડાકો જોવા મળ્યો છે. કપાસિયા તેલમાં પણ તેની સીધી અસર જોવા મળી છે. આવા સંજોગોમાં સ્થાનિક બજારમાં ખાદ્યતેલનું ઉત્પાદન વધતાં આયાતમાં ઘટાડો જોવાયો છે. પાછલાં વર્ષે ઓક્ટોબર માસમાં પુરા થતા વર્ષમાં ખાદ્યતેલની ૧૪૪ લાખ ટનથી પણ વધુ આયાત થઈ હતી. ચાલુ વર્ષે તેનાથી ઓછી આયાત થાય તેવું અનુમાન સેવાઈ રહ્યું છે.

# શહેરમાં ડીસીબી બેંકની તાનાશાહી : પ્રજાજનો હેરાન

## આરબીઆઈના નિયમનો ભંગ કરીને બેંક કર્મચારીઓ બેંક એકાઉન્ટ હોય તેવા ગ્રાહકોને જ રૂપીયા એક્ષચેન્જ કરી આપે છે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના ઘ-૫ વિસ્તારમાં આવેલ ડેવલપમેન્ટ ક્રેડીટ બેંક માત્ર પોતાના ગ્રાહકોને જ રૂપીયા એક્ષચેન્જ કરી આપતા અન્ય નાગરીકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આરબીઆઈની ગાઈડ લાઈન મુજબ તમામ બેંક તેમજ પોસ્ટ ઓફિસમાં રૂ.૪૦૦૦ સુધી દરેક નાગરીકને રૂપીયા એક્ષચેન્જ કરી આપવામાં આવશે. પરંતુ આ બેંક પોતાની તાનાશાહી ચલાવીને આરબીઆઈના નિયમોને પણ નેવે મુક્યા હોય તેવું લાગી રહ્યું છે.જયારે કલાકો સુધી લાઈનમાં ઉભા રહ્યા બાદ નાગરીકોને અન્ય બેંકમાં જાવ અમે તો માત્ર અમારા ગ્રાહકોને રૂપીયા એક્ષચેન્જ કરી આપીશુ.... તેવું સાંભળવા મળતા નગરજનોમાં ભારે રોષ પ્રવત્યો છે. જયારે બેંકમાં ગ્રાહકોને રૂ.૫૦૦ તેમજ ૧૦૦૦ની નોટ જમા કરાવવા તેમજ પૈસા એક્ષચેન્જ માટે શહેરની મોટાભાગની બેંકોએ સામાન્ય દિવસો કરતા કાઉન્ટરમાં બમણો વધારો કર્યો હતો. જેથી આવનાર ગ્રાહકનો સમય બગડે નહી તેમજ વધુ ગ્રાહકો રૂપીયા એકાઉન્ટમાં જમા કરાવી શકે તેમજ એક્ષચેન્જ કરી શકે. મોટાભાગની બેંકો એ બહાર કાઉન્ટર મુકીને હેલ્પ ડેસ્ક તેમજ પાણીની વ્યવસ્થા ગ્રાહકો માટે કરી હતી. ત્યારે ડીસીબી બેંકમાં માત્ર એક જ કાઉન્ટર બુધવારથી કાર્યરત છે. જેમા રૂપીયા જમા પણ કરી શકાય અને તેના પર જ એક્ષચેન્જની સુવિધા હોવાથી ગ્રાહકોની લાઈનો લાગે છે. હાલના સમયે મોટાભાગની શહેરની બેંકના કર્મચારીઓ બે દિવસથી ખડેપગે જોવા મળી રહ્યા છે. ડીસીબીના એક જ કાઉન્ટર નિર્ણયને પગલે ગ્રાહકો હેરાન થયા છે.જેથી બેંકની બહાર સુધી ગ્રાહકોની લાંબી કતારો જોવા મળે છે. પ્રાઈવેટ સેકટરની બેંકીગ સેવા મોટાભાગે વખણાતી હોય છે તેવા સમયમાં બેંકના આ વ્યવ્હારથી ગ્રાહકો પર માઠી અસર પહોંચી છે. સામાન્ય દિવસો જેમ જ કાર્યશૈલી કરતા કર્મચારીઓને પગલે ગ્રાહકોને ત્રણ કલાક સુધી લાઈનમાં ઉભા રહેવાનો વારો આવે છે. પ્રાઈવેટ સેકટરની બેંકમાં ગળાકાપ સ્પર્ધા વચ્ચે ડીસીબી બેંક ગ્રાહકોની સેવામાં ઉણી ઉતરી છે.





## સે-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં તુલસી વિવાહ ધામધુમથી ઉજવાયો

પૂ.શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણાથી ૧૧મીએ એકાદસીએ હજારો હરિભક્તો એ આ પ્રસંગમાં ઉત્સાહ ભેર લાભ લીધો. ભગવાન શાલીગ્રામનાં તુલસીજી સાથે વિધિવત લગ્ન ઉજવાયા. ભગવાનની શોભાયાત્રામાં ભક્તો ઉમંગભેર નાચ્યા અને મંદિરમાં શોભાયાત્રા આવ્યા બાદ ભૂદેવોએ ભગવાનનો લગ્ન વિધિ સંપન કરાવ્યો. જીવનમાં તુલસીજીનું મહત્વ સમજાય તેમજ પરસ્પર સંપ - સદભાવ સાથેનું ગૃહસ્થ જીવન કેવું હોવું જોઈએ. તેની પ્રેરણા રૂપે આ પ્રસંગ પ્રતિવર્ષ ઉજવાય છે.

# દેશનો કિસાન દુનિયાની સાથે કદમ મિલાવતો થશે : રૂપાણી

અમદાવાદ, તા.૧૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કેન્દ્રની વર્તમાન સરકારે લીધેલાં ખેતીના સર્વગ્રાહી ઉત્કર્ષના પગલાંઓ અને કૃષિ કલ્યાણ યોજનાઓથી આગામી પાંચ વર્ષમાં ભારતનો ખેડુત આધુનિક ટેકનોલોજી સભર ગ્લોબલ ફાર્મર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ખેતપેદાશોની વેલ્યુ એડિશન, એગ્રો ફુડ પ્રોસેસિંગને પ્રોત્સાહન તથા કૃષિક્ષેત્રના વિકાસ માટેના હોલિસ્ટિક એપ્રોચને પરિણામે વૈશ્વિક સ્પર્ધામાં ભારતની કિસાનશક્તિ સરળતાથી ઊભી રહેશે.

મુખ્યમંત્રીએ મહારાષ્ટ્રના નાગપુર ખાતે યોજાયેલા રાષ્ટ્રીય એગ્રોવિઝનમાં ખેડુત કાર્યશાળાનો પ્રારંભ કરાવ્યો હતો. કેન્દ્રીય માર્ગ પરીવહન મંત્રી નિતિન ગડકરીના માર્ગદર્શનમાં યોજાઈ રહેલી આ કાર્યશાળા અને પ્રદર્શનીમાં ભારત સરકારના લઘુઉદ્યોગ રાજયમંત્રી ગિરિરાજસિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા. વિજય રૂપાણીએ ગુજરાતે પાછલા દોઢ દસકમાં કૃષિક્ષેત્રે જે આમુલ પરિવર્તનો સાથે કૃષિક્રાંતિનો અગ્રેસરતા મેળવી છે તેની વિશદ છણાવટ આ અવસરે કરી હતી. તેમણે જણાવ્યું કે, ગુજરાતના કૃષિના ઋષિ સમાન ખેડુતોએ સુક્ષ્મસિંચાઈ, ગ્રીનહાઉસ, વેલ્યુ એડિશન સહિતના ક્ષેત્રે નવા આયામો સ્થાપ્યા છે.

# શાહ નુરાની દરગાહમાં બ્લાસ્ટ : ૩૫ના મોત

## પાકિસ્તાનના હિંસાગ્રસ્ત બલુચિસ્તાન પ્રાંતમાં બ્લાસ્ટ : બ્લાસ્ટમાં અન્ય ૧૦૦થી વધુ લોકો ઘાયલ : મોતનો આંકડો વધવાની દહેશત : ઓગસ્ટ મહિના બાદથી બલુચિસ્તાનમાં ચોથો પ્રચંડ હુમલો કરવામાં આવ્યો

ઈસ્લામાબાદ, તા.૧૨

પાકિસ્તાનના હિંસાગ્રસ્ત પ્રાંત બલુચિસ્તાન પ્રાંત સ્થિત એક દરગાહમાં આજે થયેલા એક પ્રચંડ બ્લાસ્ટમાં ઓછામાં ઓછા ૩૫ લોકોના મોત થઈ ગયા હતા અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. જે પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધવાની દહેશત દેખાઈ રહી છે. પાકિસ્તાનના સમાચાર ચેનલોના જણાવ્યા મુજબ આ બ્લાસ્ટમાં સેંકડો લોકો ઘાયલ થઈ ગયા છે. આ બ્લાસ્ટ બલુચિસ્તાન પ્રાંતમાં લાસબેલા જિલ્લા સ્થિત શાહ નુરાની દરગાહમાં થયો હતો. બ્લાસ્ટ એ વખતે થયો હતો જ્યારે એક ધાર્મિક વિધિ ચાલી રહી હતી. બ્લાસ્ટ બાદ અફડાતફડી મચી ગઈ હતી. મૃત્યુ પામનારાઓમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. ઘાયલ થયેલા તમામ લોકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બલુચિસ્તાનના ગૃહમંત્રી મીર સરફરાજ અહેમદ બુગટીએ કહ્યું હતું કે બોમ્બ બ્લાસ્ટમાં જે લોકો ઘાયલ થયા છે તેમને સારવાર માટે કરાંચી લઈ જવામાં આવ્યા છે.



બ્લાસ્ટના કારણે પોલીસે તરત જ મોરચા સંભાળી લીધા હતા. બલુચિસ્તાનના ગૃહમંત્રી મીર સરફરાજ બુગટીએ કહ્યું છે કે બ્લાસ્ટમાં અનેક લોકોના મોત થયા છે. બીજી બાજુ સ્થાનિક લોકોનું કહેવું છે કે મોતનો આંકડો હજુ વધી શકે છે. બુગટીએ એમ પણ કહ્યું હતું કે આ હુમલા માટેની જવાબદારી હજુ સુધી કોઈપણ સંગઠને સ્વીકારી નથી. આ દરગાહ કરાંચીથી ૨૫૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. શહા નુરાની દરગાહમાં સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે આ બ્લાસ્ટ બાદ પોલીસે જુદા જુદા વિસ્તારોમાં તપાસ કામકારી હાથ ધરી છે.

બલુચિસ્તાનમાં દરગાહને ટાર્ગેટ બનાવીને કોઈ પ્રથમ વખત બ્લાસ્ટ કરવામાં આવ્યો નથી. ઓગસ્ટ મહિના બાદથી ત્રીજી વખત બ્લાસ્ટ કરવામાં આવ્યો છે. ઓગસ્ટમાં પ્રાંતિય પાટનગર ક્વેટામાં સીવીલ હોસ્પિટલની બહાર આત્મઘાતી હુમલો કરાયો હતો. જેમાં ૭૦થી વધુ લોકોના મોત થયા હતા. ગયા મહિને ૬૪ પોલીસના જવાનો અને બે આર્મી જવાનોના મોત તે વખતે થઈ ગયા હતા જ્યારે ત્રણ ત્રાસવાદીઓએ ક્વેટામાં પોલીસ ટ્રેનિંગ સેન્ટરને ટાર્ગેટ બનાવીને હુમલો કર્યો હતો. છેલ્લે ૨૫મી ઓકટોબરના દિવસે પાટનગર ક્વેટામાં પોલીસ ટ્રેનિંગ સેન્ટરમાં ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ૬૫થી વધુ પોલીસ જવાનોના મોત થયા હતા અને ૧૧૬થી વધારે લોકો ઘાયલ થયા હતા. પાકિસ્તાની મિડિયા હેવાલમાં દાવો કરવામા 'આવ્યો હતો કે પાકિસ્તાની સેના અને અન્ય સુરક્ષા દળના ૨૫૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.

### કઠોર પગલાના સંકેત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખૂબ કઠોર કાર્યવાહી કરશે. જાપાનમાં ભારતીય સમુદાયના લોકોને સંબોધતા મોદીએ કહ્યું હતું કે જાપાનમાં પણ ફુકુશીમામાં ૨૦૧૧માં સુનામી બાદ સરકારે સરકારી કર્મીઓ પાસેથી વીજળી અને એસી બંધ કરવા માટે કહ્યું હતું પરંતુ સમગ્ર જનતાએ આને પોતાની જવાબદારી સમજી લીધી હતી. તેમને લાગે છે કે કેવા મહાનતાથી લોકોએ કામ કર્યા હતા. દેશ માટે લોકો તમામ કામ કરવા માટે તૈયાર દેખાય છે. મોદી જાપાનના શહેર કોબેમાં આયોજિત એક કાર્યક્રમમાં ભારતીય સમુદાયના લોકોને સંબોધન કરી રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે જે લોકોની પાસે જંગી નાણા છે તે લોકોને છોડવામાં આવશે નહીં. આજે તેઓ વિશ્વાસ સાથે કહી શકે છે કે ભારતના લોકો પણ જવાબદારીથી પીછેહટ કરવા વાળા નથી. જાપાનમાં લોકોને સંબોધતા તેમણે કહ્યું હતું કે સવાસો કરોડ દેશવાસીઓને તેઓ નમન કરે છે. ઘરમાં લગ્ન પ્રસંગ છે, પૈસા નથી, માતા બીમાર છે, મુશ્કેલી છે છતાં લોકો નિર્ણયનું સ્વાગત કરી રહ્યા છે.

આ નિર્ણય કોઈ અચાનક લેવામાં આવ્યો નથી. પહેલા એક સ્કીમ કાઢવામાં આવી હતી. ૬૭,૦૦૦ કરોડ રૂપિયા જ આવ્યા હતા. લોકો કહી રહ્યા હતા કે મોદી ફ્લોપ થઈ ગયા છે. છેલ્લા બે વર્ષમાં સવ લાખ કરોડ રૂપિયા પરત આવ્યા છે. તક આપવામાં આવી હતી. હજુ પણ લોકોને ૩૦મી ડિસેમ્બર સુધીનો સમય છે. ૩૦મી ડિસેમ્બર બાદ પણ બ્લેક મેઈલીંગ કરનાર લોકોને કોઈ બચાવી શકશે નહીં.

### લાઈન યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહે તેવી શક્યતા છે. પ્રાપ્ત માહિતી મુજબ ૮૮૦૦ રોકડ રૂપિયા લઈ જતા વાહનો અને મોટી સંખ્યામાં કર્મચારીઓને રોકવામાં આવ્યા છે. એટીએમમાં પુરતા પ્રમાણમાં નાણાં રહે તે માટે આ પગલાં લેવામાં આવી રહ્યા છે. સરેરાશ દરેક મશીનને પાંચ વખત ભરવામાં આવી રહ્યા હતા. ત્રણથી ચાલ કલાકની અંદર જ એટીએમ હાલમાં ખાલી થઈ રહ્યા છે. ઉત્તર-પૂર્વીય વિસ્તારોમાં તો રોકડ રકમ બદલી કાઢવા માટે હેલિકોપ્ટરની મદદ પણ લેવામાં આવી રહી છે. કારણ કે લોકોની માંગ વધારે જોવા મળી રહી છે. બેંક શાખાઓની બહાર લાંબી લાઈન જોવા મળી રહી છે. રોકડની જંગી માંગના કારણે આ સ્થિતી સર્જાઈ છે. સોમવારના દિવસે બેંકમાં રજા હોવાથી સ્થિતી વધુ વણસે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બેંક કર્મચારીઓ વધારે સમય કામ કરીને સ્થિતીને હળવી કરવાના પ્રયાસ હાલમાં કરી રહ્યા છે.

### અછત નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અછતના અહેવાલ આવ્યા હતા. જો કે આને મોડેથી રદિયો આપવામાં આવ્યો હતો. કાનપુરમાંથી મીઠાને લઈને પથ્થરમારાની સ્થિતી સર્જાઈ ગઈ હતી. દહેશતના કારણે કેટલાક બજારો બંધ કરી દેવામાં આવ્યા હતા. લખનૌ, કાનપુર અને દિલ્હીમાં પણ અફવા જોવા મળી હતી. મીઠુ ૨૦૦થી ૪૦૦ રૂપિયાની કિંમતમાં વેચાઈ જવાના હેવાલ પણ મળ્યા હતા. ગાજિયાબાદમાં મીઠુ મોંઘુ થઈ ગયુ છે તે પ્રકારની અફવા ફેલાવનાર લોકોની ધરપકડ પણ કરવામાં આવી હતી.

આ સંબંધમાં છ લોકોની ધરપકડ કરી લેવામાં આવી હતી. ફુડ પ્રધાન રામવિલાસ પાસવાને મોડેથી કહ્યુ હતુ કે અફવા તરફ ધ્યાન આપવાની કોઈ જરૂર નથી. તેમણે કહ્યુ હતુ કે પુરતા પ્રમાણમાં મીઠુ છે. અફવા ફેલાવનાર સામે કાર્યવાહી કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે.

### થોડા દિવસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. જેટલીએ કહ્યું હતું કે લોકો અને દેશને અધિકાર છે કે કોંગ્રેસની પાસે પૈસા ક્યાંથી આવ્યા અને પૈસા યોગ્ય છે કે નહીં. જેટલીએ પત્રકાર પરિષદ આજે યોજી હતી અને સરકાર તરફથી જુદી જુદી બાબતોનો ખુલાસો કર્યો હતો. આ પત્રકાર પરિષદમાં એસબીઆઈના ચેરમેન અરૂંધતી ભટ્ટાચાર્ય પણ ઉપસ્થિત રહ્યા હતા. જેટલીએ કહ્યું હતું કે નોટની કમી ઉપર નજર રાખવામાં આવી રહી છે. બે એવા વિશેષ વર્ગ છે જેમાં તેઓ ખાસ કરીને આભાર વ્યક્ત કરવા માંગે છે. પહેલા દેશના લોકો છે જે ઘણી તકલીફ હોવા છતાં સંયમ રાખી રહ્યા છે અને નિયમો અને કાયદાનું પાલન કરીને બેન્કીંગ સીસ્ટમને સપોર્ટ કરી રહ્યા છે. જેટલીએ બેંક કર્મચારીઓ અને અધિકારીઓન આભાર માન્યો હતો અને કહ્યું હતું કે કોઈપણ રજા લીધા વગર સવારથી રાત સુધી કર્મીઓ કામ કરી રહ્યા છે.

હવે નવી સિસ્ટમમાં ૨૦૦૦ રૂપિયાની વ્યવસ્થા થઈ રહી છે. નવી નોટના કદમાં ફરક છે. જેથી હજુ મોટા પ્રમાણમાં ૧૦૦ રૂપિયાની નોટ જ મળી રહી છે. સિક્રેટ રાખવાના હેતુસર પહેલાથી આ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. જેટલીએ વિરોધ પક્ષોની ઝાટકણી કાઢી હતી. કોંગ્રેસની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે એક સપ્તાહની ખુલ્લી છૂટ આપવાની માંગ કરાઈ રહી છે. જો અમે આવું કર્યું હતું કે તમામ ખેલ ખતમ થઈ ગયો હોત.

### એટીએમ ખોટકાતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખુટશે તો તુરંત જ નવી કેશની વ્યવસ્થા કરાશે તેવા આરબીઆઈ દ્વારા દાવા જાહેર કરાયા હતા પરંતુ આજે શહેરમાં જ્યારે નાગરિકો એટીએમ સેન્ટરો પર નાણાં લેવા પહોંચ્યા ત્યારે અનેક એટીએમ સેન્ટરો બંધ મળતા તેમની હાલત કફોડી થવા પામી હતી. અઢળક એટીએમ સેન્ટરો બંધ હોવાથી અન્ય કાર્યરત એટીએમ મશીનો પર ખુબજ લાબી લચક લાઈનો જોવા મળી હતી.

સેક્ટર-૧૨માં એસબીઆઈના એટીએમ મશીન ઘણા એટીએમ સેન્ટરોનો છેલ્લા બે દિવસથી ચાલુ જ થયા નથી જેથી તેની આસપાસના વિસ્તારમાં રહેતા રહીશો માટે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. શહેરમાં ઘ-૫ પાસે એચડીએફસી, આઈસીઆઈસીઆઈ, સેન્ટ્રલ બેંક વગેરેના એટીએમ મશીનો બંધ જોવા મળ્યા હતા. આ ઉપરાંત ગાંધીનગરના સેક્ટર-૧૧, સેક્ટર-૨૧ તથા ઘ-૨ સર્કલ પાસેના અને સિવિલ હોસ્પિટલ કેમ્પસનું એટીએમ મશીન પણ બંધ જોવા મળ્યું હતું.

। ઉપરાંત ન્યુ ગાંધીનગરના કુડાસણ, રાયસણ, સરગાસણ તેમજ ઈન્ફોસીટી વિસ્તારોમાં પણ કેટલાક એટીએમ સેન્ટરો નાણાં ખુટી પડવાથી બંધ કરવા પડ્યા હતા. જેના કારણે શહેરમાં આજે નાગરિકો હેરાન-પરેશાન થઈ જવા પામ્યા હતા.

### હોબાળો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોલીસની ટીમ તાત્કાલિક બેંકે પહોંચી ગઈ હતી અને હળવો બળ પ્રયોગ પણ કર્યો હતો. પરંતુ લોકો લાઈનમાં ઉભા ન રહેતા બેંકના સત્તાવાળાઓએ તેમની કામગીરી બંધ કરી દીધી હતી.

બેંકના રિજીયોનલ બિઝનેસ ડેવલપમેન્ટ અધિકારી પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ બેંક પર દોડી ગયા હતા. ત્રણ કલાકને અંતે બેંકે પુનઃ તેની કામગીરી શરૂ કરી અને સાંજે છ વાગ્યા સુધી ૨૫૦થી વધુ લોકોને નોટો બદલી આપી હતી તેમજ લોકોના નાણાં પણ સ્વીકારવાની કામગીરી કરી હતી.

### નોટો બજારમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે જિલ્લાનો આંક ૨૦૦ કરોડને પાર કરી ગયાનું સૂત્રોએ જણાવ્યું છે. ખેડૂતોએ તેમની લોનના નાણાં ભરી દીધા હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ નાની નોટોનું વિતરણ મોટા પ્રમાણમાં નોટના બદલામાં થયાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે નાની નોટોથી જ સામાજિક પ્રસંગો પાર પાડવા માટે પણ કેટલાકે આયોજનો કર્યા હોવાની વાતો પણ સાંભળવા મળી છે. સપ્તાહના ૨૦ હજાર જ ખાતેદારને ઉપાડવા માટેની અપાયેલી મંજુરીમાં પુનઃ વિચારણા કરવા માટેનું દબાણ પણ સરકાર પર વધી રહ્યુ છે.

આજે રજાનો માહોલ હોવાને કારણે પરિવારના નાના ટેણિયાઓ પણ નોટ બદલાવવા માટે લાઈનોમાં ઉભેલા નજરે પડતા હતા.